Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


ફાગણ

પુસ્તક ૭૬ મું
અંક ૫
૧૫ મી ફેબ્રુઆરી

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઈ. સ. ૧૯૬૦


मूलाओ खंधप्पभवो दुमस्स,
खंधाउ पच्छा समुवेन्ति साहा।
साह-प्पसाहा विरहन्ति पत्ता,
तओ सि पुप्फं च फलं रसो अ ॥१॥

વૃક્ષના મૂળમાંથી થડ ઊગે છે, થડમાંથી પછી જુદી જુદી શાખાઓ ઊગે છે, એ શાખાઓમાંથી બીજી નાની નાની ડાળીઓ ફૂટે છે, એ ડાળો ઉપર પાંદડાં ઊગે છે, પછી તેને ફૂલ આવે છે, ફળ લાગે છે અને ત્યારબાદ તે ફળોમાં રસ જામે છે.

एवं धम्मस्स विणओ,
मूलं परमो से मोक्खो।
जेण कित्तिं सुयं सिग्घं,
निस्सेसं चाभिगच्छइ ॥ २ ॥

એ જ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોત્તમ રસ છે, વિનયથી જ મનુષ્ય, કીર્તિ, વિદ્યા, શ્લાઘા-પ્રશંસા અને કલ્યાણ-મંગળને શીઘ્ર મેળવે છે.

-મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

## અનુક્રમણિકા


૧ શ્રી આદિનાથજિન સ્તવન (મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી) ૪૯
૨ કેવળજ્ઞાન સરસ્વતી સ્તુતિ (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) ૫૦
૩ શ્રી પાર્શ્વનાથ સ્તુતિ ,, ૫૦
૪ દાવરદારાંકન સ્વયંભૂ પારસનાથ સ્તવન (શ્રી તેજરાજ લક્ષ્મીચંદ) ૫૦
૫ મહાયાત્રાના અનુભવો (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૫૧
૬ ગુણગ્રાહકતા (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૫૩
૭ નમસ્કાર-મૌક્તિકમાળા (૩) (પં.શ્રી સુશીલવિજયજી ગણિવર્ય) ૫૬
૮ તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો : ૪ (હીરાલાલ ર. કાપડિયા M. A.) ૫૯
૯ પ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ : ૨૮ (આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ) ૬૧
૧૦ જિનદર્શનની તૃષા (૧૫) (ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા) ૬૩
૧૧ પુસ્તકોની પહોંચ ટાઇટલ પેજ ૩


| જ<br>ન્મ<br>દિ<br>ન | આપણી સભાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠના પોષ વદિ ૦)) ને ગુરુવારના રોજ ચુમોતેરમા જન્મદિવસ પ્રસંગે આપણી સભા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો તેમજ મિત્રવર્ગ તરફથી હાર-તોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ ઇચ્છવામાં આવ્યું હતું. |
|---|---|


### રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર.

૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની ૨૫ મી તારીખે.

૩. મુદ્રકનું નામ : સાધના મુદ્રણાલય, ઠેકાણું-દાણાપીઠ પાછળ, ભાવનગર. ક્યા દેશના-ભારતીય.

૪. પ્રકાશકનું નામ : દીપચંદ જીવણલાલ શાહ, ઠેકાણું-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર. ક્યા દેશના-ભારતીય.

૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે.

૬. માસિકના માલીકનું નામ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો, ભાવનગર

હું દીપચંદ જીવણલાલ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૨૦-૨-૬૦ દીપચંદ જીવણલાલ શાહ


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૬ મું
અંક ૫

ફાગણ

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬

# શ્રી આદિનાથજિન સ્તવન

આદિજિન ! ગુણ ગાઉં હું હરખે. (૨)
નાભી કુલકર વંશ દીપાવ્યો. મરૂદેવીએ હુલરાવ્યો;
નિરખી નિરખી આનંદ પાવે, રાજસિંહાસન થાવે આદિ૦ ૧

યુગલાધર્મ નિવારીને રે, શિલ્પ શત દીખલાયા;
લીપીકર્મ ને વિવિધ વિદ્યા, જગહિત કાજ કરાયા. આદિ૦ ૨

ત્યાસી લાખ પૂર્વ ગૃહવાસ વસિયા, છંડી સવિ જંજાળ;
સહસ વરસ એકાકી વિહરી, ઘાતીકર્મની તોડી જાળ. આદિ૦ ૩

સમવસરણ રચ્યું સુરવરે રે, દેવદુંદુભીનો નાદ;
અશોકવૃક્ષ ને ભામંડળ ઝળકે, દિવ્યધ્વનિ પૂરે સાદ. આદિ૦ ૪

જાનુપ્રમાણ થઈ પુષ્પવૃષ્ટિ, ચામર વિંજાય બિહુ પાસ;
છત્રાતિછત્ર સોહે સુંદર, રત્નસિંહાસન ખાસ. આદિ૦ ૫

ભરત નરેસર વંદન આયા, માતા મારૂદેવી સાથ;
પર્ષદા નીરખી માતા હરખે, પામ્યા કેવળ સાચ. આદિ૦ ૬

શિવપુર પહોંચ્યા કર્મ ખપાવી, જોવા પુત્રવધૂ સુખ;
પ્રેમ-જંબૂ વંદે લળી લળી રે, લેવા નિત્યાનંદ સુખ. આદિ૦ ૭

—મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી

For Private And Personal Use Only

## કેવલાક્ષર સરસ્વતી સ્તુતિ

અજર અમર અકર નમન કર, કરત નમન વરપદધર મનહર;
અરજ કરત હમ ધવલ ખગપર ધવલ વસનધર, કર મમ વર સરકમલ ધવલધર. ૧

## શ્રી પાર્શ્વનાથ સ્તુતિ

સરપફણધર - સ ર પ ફ ણ ધ ર, કરત નમન કમલપદ મનહર;
અરજ કરત હમ અમરત જલધર, કર અજર અમર હર કરમ જહર. ૧

સરવ અરહત અજર અમર કરણ, નમન કરત હમ પરમ પદ ધરણ;
ચરણકમળ પકડકર ધરત શરણ, અરહત શરણ હરત જનમ મરણ. ૨

સરવ અમરવર રજત કનક રતન ગઢ રચત, અરહત અમરતસમ વચનરસ વરસત;
ઝરત જસ સરપર કરમમલ ગલત, ભવહર ચરણધર વરપદ વરત. ૩

ધરણ અમરવર નમન કર હરખત, અરહત સરપર છતર ફણ ધરત;
મનહર તનય અજર અમર અકર, નમન કર નમત અરહત ફણધર. ૪

—મુનિરાજશ્રી મનમોહનવિજયજી

## श्री कापरडामंडन स्वयंभू पारसनाथ स्तवन

मनवा तू पारस पारस भजलेय, स्वयंभू पारस गुण गावनारे–टेर०
स्वयंभू पारस गुण गावना, जन्म मरण दुःख जाय रे ॥ १ ॥
चार मंजिल का मंदिर वना है, चउमुख सोलह द्वार रे
भवी तुम दर्शन कर सुख पावनारे ॥ २ ॥
नील वरण तन कान्ति मनोहर, मूलनायक सो है स्वयंभू पास रे
हरे दर्शन किया दुःख जाय रे ॥ ३ ॥
लक्ष चौरासीमां वहु दुःख पायो रे, भटक भटक तो शरणे आयो रे
प्रभु अब मोहे पार उतार रे ॥ ३ ॥
भंडारी भानाजीने मन्दिर वनाया, यतिजीने चमत्कार वताया
अधिष्ठायकजी कीनी है सहाय रे ॥ ५ ॥
कापरडामंडन भवदुःखभंजन, हो शिवपुरवाले नाथ
शिवपूर शहर वतावना ॥ ६ ॥
सेवक लक्ष्मीचन्द्र अर्ज करत है, मेरा जन्म मरण दुःख टाल रे
फेर नहीं आऊँ गरभावास रे ॥ ७ ॥

—तेजराज लक्ष्मीचन्द्र

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાયાત્રાના અનુભવો

લેખક : મોહનલાલ દીપચંદ ચોકસી

## ૧. ભૂમિકા

ગૂજરાત, સૌરાષ્ટ્ર જેટલું નશીબદાર **નથી** કેમકે સૌરાષ્ટ્રના આંગણે શ્રી શત્રુંજય અને શ્રી ગિરનાર જેવા બે મહાન્ તીર્થો આવેલ છે. તેવા મોટા તીર્થો એની ભૂમિમાં નથી, જો કે દેવાલયો તેમજ ચમત્કારિક ધામો અને ઉજળાપણાની નજરે તેમજ અણહિલપુર પાટણ, ભૃગુકચ્છ, સ્થંભતીર્થ આદિ પ્રાચીન જૈનપુરીઓની મહત્તાના કારણે એની ગૌરવગાથા પણ નોંધપાત્ર છે જ. આજે જ્યારે **મહાગૂજરાત**નું રાજ્ય અસ્તિત્વમાં આવે છે ત્યારે ગૂજરાત કે સૌરાષ્ટ્રને ભિન્ન દૃષ્ટિએ જોવાની જરૂર પણ નથી, અને આ લેખમાં મુદ્દાની વાત તો જે કહેવાની છે તે સાવ જૂદી છે. વર્ત્તમાન ચોવીશીમાંના બાવીશમા જિનપતિ **શ્રી અરિષ્ટનેમી**ના ત્રણ કલ્યાણક-દીક્ષા, કૈવલ્ય અને નિર્વાણ–બાદ કરીએ તો બાકીના એક **પણ** તીર્થપતિની નથી તો અહીં જન્મભોમ કે નથી તો પાંચ કલ્યાણકોમાંનું એક પણ કલ્યાણક! શાશ્વત તીર્થ શ્રી શત્રુંજયની મહત્તા **શ્રી યુગાદિજિનેશ** એ ભૂમિ પર વારંવાર પધાર્યા, તેમજ તેનના મુખ્ય ગણધર **શ્રી પુંડરીકસ્વામી**, તેમજ હજારો સંતો–સાધુ તેમજ સાધ્વી નર અને નારીઓ–આ પવિત્ર ગિરિનું અવલંબન ગ્રહણ કરી કાયમને માટે આ સંસારમાંથી છૂટકારો મેળવી ગયા એ પ્રસંગોને આભારી છે.

આ જાણ્યા પછી સહજે પ્રશ્ન ઉદ્ભવે જ કે જ્યાં આજે **જૈનધર્મ** ફાલ્યોફૂલ્યો જણાય છે, જ્યાં આજે ઘણેખરે સ્થળે વર્ષભરમાં એક કરતાં અધિક ઉત્સવો થાય છે, જ્યાં કેટલાક દેવાલયોમાં તો રોજ આંગીઓ રચાય છે અને જ્યાં ઉપાસકોનો સમૂહ વિશાળ સંખ્યામાં દૃષ્ટિગોચર થાય છે એટલે સાધુમહારાજાઓ પણ સારી સંખ્યામાં જોવા મળે છે એ પ્રદેશમાં તીર્થંકર જેવી વિભૂતિનો સંભવ જ નહીં! કારણ ગમે તે હો. બાકી એટલું તો દીવા જેવું સ્પષ્ટ છે કે ચોવીશ તીર્થંકર પ્રભુના ચ્યવન, જન્મ, દીક્ષા, કૈવલ્ય અને મોક્ષરૂપ પાંચ કલ્યાણકોની કુલ સંખ્યા ૧૨૦ થાય. એમાં ૧૧૭ જે પ્રદેશમાં થયા છે તે ઉપર વર્ણવેલ સ્થાનથી દૂર આવેલ **અને** આગ્રાથી આરંભી ઠેઠ કલકત્તા સુધીના વચલા ગાળામાં પથરાયેલ જૂદી જૂદી નગરીઓ છે. એમાંની કેટલીક તો આજે નામશેષ થઈ ચૂકી છે, કેટલીકના નામો બદલાયા છે અને બાકી ઘણીખરી હજુ પણ વર્ષોના વહાણા વાયા છતાં–યુગપલટાની આંધીમાં અટવાયા છતાં મૂળ નામે જોવા મળે છે. ભલે એની મહત્તામાં કે શાસ્ત્રોક્ત વર્ણનમાં ભરતી–ઓટના વાયરા વાયા હોય, તાજેતરમાં પુનઃ એક વાર મહાપુરુષોની એ જર્જરિત દશાને ધારણ કરી રહેલી છતાં અતિ પવિત્ર ભૂમિઓમાં પદસંચાર કરવાનો સુયોગ પ્રાપ્ત થયો એ ઉપરથી મનોપ્રદેશમાં જે સ્ફુરણા થઇ, અને એ ઉપરાંત સામુદાયિક યાત્રાના જે અનુભવો પ્રાપ્ત થયા એ સંબંધમાં શક્તિ અનુસાર વાનકી પીરસવી મને ઇષ્ટ જણાઈ છે.

સૌપ્રથમ ભાર મૂકીને કહેવાનું એક જ કે જીવનમાં વધુ ન બને તો એક વાર તો અવશ્ય એ ભૂમિઓના દર્શન પ્રત્યેક જૈને કરવા જોઇએ. દિવસે દિવસે સાધનોની સગવડ વધી રહી છે અને પ્રતિવર્ષ એ કલ્યાણક ભૂમિઓના દર્શન માટે ખાસ ટ્રેનો કિંવા છૂટક ડબ્બાઓ દોડે છે એટલે હરકોઇ વ્યક્તિને નથી તો એમાં એકલવાયાપણાનો પ્રશ્ન નડતો કે નથી તો જમણ વ૦ની ચિંતાનો બોજો ઉપાડવો પડતો. અલબત્ત, સામાન્ય રીતે મહિના કે દોઢ મહિનાનો પ્રવાસ અને તે પણ ખાસ કરી ગૂજરાત–સૌરાષ્ટ્ર કે મહારાષ્ટ્રથી દૂર ગણાય એવો, એટલે વ્યક્તિ દીઠ ઓછામાં ઓછા રૂપીઆ પાંચસોની સગવડ તો કરવાની રહે જ. એમાં જરૂરી વસ્ત્રો, રેલભાડું ને ભોજનખર્ચ



For Private And Personal Use Only

સમાય જાય. ભાવ ઉપર જ્યાં ભાર મૂકાયેલ છે એવા જૈનધર્મના ઉપાસકને માટે પુન્યાર્જન અંગે કેટલું ખર્ચવું એ કહેવાપણું ન જ હોય. એ પૂનિત પ્રદેશમાં એક વાર પગ મૂકયા પછી જ માનવજન્મની સફળતાની સાચી દિશા શેમાં છે એનો ભાસ થાય છે. એ સાથે જરૂરી ધાર્મિક અભ્યાસ અને ઐતિહાસિક દૃષ્ટિનો ખ્યાલ હોય છે તો જે ઊર્મિઓ અંતરના ઊંડાણમાં ઉભરાય છે એ અનુભવનો વિષય ગણાય.

આપણા દીર્ઘદર્શી પૂર્વજોએ કાળના વિવિધ ઝંઝાવાતો વચ્ચે પણ, એ સુવર્ણ કાલની સ્મૃતિ કાયમ રાખવા, ભાવિપ્રજાને એ માર્ગદર્શનરૂપ નિવડે એ અર્થે જે પ્રવાસો સેવ્યા છે એ ખરેખર પ્રશંસા-પાત્ર છે. રખે કોઇ અનુમાન કરે કે ત્યાં કળાના ધામ ગણાય તેવા રમણિય પ્રાસાદો હશે, વા સર્વ જગ્યા-એ જિનપ્રતિમાઓ હશે, અથવા તો આજે આપણા તરફ જેમ દેવાલયોમાં જાતજાતના ચિત્રામણો જોવા મળે છે તેવી રચનાઓ હશે અગર તો બિરાજમાન પ્રભુને રોજ પહેરવાના તેમજ પર્વદિને ધારણ કરવાના જૂદા જૂદા અને બહુમૂલા આભૂષણો હશે. જે કલ્યાણક ભૂમિઓની વાત ચાલે છે એમાં એકાદ બેનો અપવાદ રાખી કહીએ તો ત્યાં આવું કંઈ જ નથી. જે વેળા ખૂદ તીર્થંકર દેવો માનવ સ્વરૂપે મોજુદ હશે ત્યારે સ્થાપનાની અગત્ય નહી હોય પણ એમના અભાવમાં પણ એકદમ શરૂઆતમાં નથી તો મોટા દેવાલયો ઊભા કરવામાં આવ્યા હોય કિંવા એમાં મૂર્તિઓની સ્થાપના કરાઇ હોય એમ જોવાતું. સામાન્ય રીતે પાદુકા સ્થાપન અને એના ઉપર સામાન્ય પ્રકારની દહેરી કે જેનો ઉલ્લેખ ગ્રંથોમાં **દેવકુલિકા-રૂપે** પ્રાપ્ત થાય છે એ જોવા મળે છે. આમ છતાં જે લાંબો સમય વીતી ગયો છે એની સરખામણીમાં મુદ્દાની વાત જનસમૂહમાં યાદ રહી છે અને ઉપા-સકોને આજે પણ આકર્ષી રહેલી છે એ ઉપરથી લાગે છે કે એ સંતોના પવિત્ર જીવનની છાપ અને એ દ્વારા જે વાતવરણના સર્જન થયેલ એની અસર **'ભાંગ્યું તોયે ભરૂચ'** માફક હજી સુધી ચાલી આવે છે.

ભલે ત્યાં કારીગરી ન દેખાય કે આડંબરના વાજાં ન ગાજતા હોય, પણ જે સાદાઇ પ્રવર્તે છે અને એનામાં પ્રેરણા દેવાની જે તાકાત છે એ તો ખરેખર અમૂલ્ય છે.

આપણા પૂર્વજો પાસે ધનના ઢગલા નહીં હોય વા કળા-કારીગરી પ્રત્યે પ્રેમ નહીં હોય એમ ધારવું તે પણ ઉચિત નથી જ. વિચાર કરતાં એમ ભાસે છે કે એ બધું હતું અને ઉપરાંત ભાવિકાળના એંધાણ પારખવાની દીર્ઘદર્શિતા હતી કે જેણે આજસુધી ઇતિહાસની સાંકળને તૂટવા દીધી નથી. કાળના કપરા ઝંઝાવાતોની ઝડી વચ્ચેથી પસાર થવું પડેલું હોવા છતાં, અસ્તોદયના ચકાવામાં અટવાયા છતાં, અને ઉપાસકની હાજરીનો અભાવ છતાં-ત્યાં પગ મૂકનારના મનમાં જે ભાવનાના પૂર ઉભરાય છે, જે થોડા ઘણા-ગ્રામવાસી માનવો ત્યાં વસતા હોય છે એના દેહ તરફ જોતાં દુઃખ થાય છે, અને કરુણા જન્મે છે પણ જ્યારે એનામાં રહેલી પ્રમાણિકતા કે પરિશ્રમના મૂલ્ય વિના બીજું કંઇ ન ખપે એવી અનોખી ને પ્રશંસનીય વૃત્તિના દર્શન થાય છે ત્યારે સહજ મસ્તક નમે છે અને વદી જવાય છે કે-જે સ્થળના આંગણામાં તીર્થંકર દેવો સમી મહાન્ વિભૂતિ-ઓ ઉત્પન્ન થઇ અને પોતાના સાત્વિક જીવનને અન્ય પ્રાકૃતજનો માટે અવલંબન ગ્રહણ કરવા જેવું જીવન જીવી ગઇ, એની સુવાસ વર્ષોના આંકડા સેંકડો ને સહસ્રોના આંક ભલે કુદાવી ગયા હોય છતાં ઓસરવા પામી નથી જ. પૂર્વજોએ સમયે સમયે જરૂરી ટેકા દઇને પૂનિત ભૂમિના મહત્ત્વને કાયમ રાખી ભાવી પેઢી ઉપર અનેરો ઉપકાર કર્યો છે.

એટલે જ પુનઃ કહેવું પડે છે કે-સ્વામી ભાઇઓ, એ ભૂમિમાં ભલે આજે ઉપાસકોના ઘર નથી, અને નથી ત્યાં આબૂ કે રાણકપુરની શિલ્પકળા, એ જ પ્રમાણે નથી ત્યાં મુંબઈ-અમદાવાદના દેવાલયો માફક રોજ આંગીઓ રચાતી કે નથી અહર્નિશ સંગીતના સાજ સાથે સ્નાત્ર ભણાવાતા. એક દૃષ્ટિયે કહીયે તો કેટલીકમાં તો અફાટ વેરાન અને એકલીઅટુલી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દહેરી જેવું જ! આમ છતાં જ્યાં ઉપર વર્ણવી રમઝટ રોજ ચાલે છે અને જે સ્ફુરણા ઉદ્‌ભવતી નથી તે આ ભૂમિમાં કેવળ પગ મૂકતાં અને પાદુકા કે મૂર્તિને કેવળ પ્રણામ કરતાં જન્મે છે. હૃદય ઠનગની ઉઠે છે, માટે જ જીવનમાં વધુ નહીં તો એક વાર તો અવશ્ય પગલાં પાડવા ઘટે. જો કે આ કલ્યાણક ભૂમિઓ સંબંધી એક કરતાં વધુ પુસ્તિકાઓ પ્રકાશિત થયેલી છે અને એમાં ભિન્ન ભિન્ન નજરે ઠીક ઠીક માહિતી સંઘરાયેલી પણ છે જ. એટલે આ લેખમાળામાં એ દૃષ્ટિએ વધુ ઊંડાણ કરવાનું ઉચિત પણ નથી. જિજ્ઞાસુ વર્ગને એટલી ભલામણ સહજ કરી શકાય કે યાત્રા જતાં પૂર્વે 'રાજનગરથી સમેતશિખર યાને કલ્યાણકભૂમિઓમાં પ્રવાસ' અથવા 'જૈન ધર્મના યાત્રાસ્થળો' નામની પુસ્તિકાઓ માર્ગદર્શનરૂપે વાંચી લ્યે અગર તો ખરીદીને સાથે રાખે.

અહીં તો જે ભૂમિમાં આપણે પગ મૂકીએ છીએ તે પાછળ ઇતિહાસની સામાન્ય ભૂમિકા શી છે? સમયના વહેવાથી એમાં કેવું પરિવર્તન આવ્યું? એમાંથી આપણા ઉપાસક વર્ગે શો બોધપાઠ ગ્રહણ કરવાનો છે? અને વિશેષમાં આપણે ધર્મકરણી અંગે જે માન્યતાઓ ધારણ કરેલી છે અથવા તો આપણા પ્રદેશમાં એનું અનુકરણ જે પદ્ધતિએ કરી રહ્યા છીએ તે રીતે આ તરફ યાત્રામાં આવી કરવા જેવું છે કે કેમ? એ ખાસ વિચારણીય છે. આપણે સ્વીકારીએ કે ન પણ સ્વીકારીએ, છતાં એટલું સાચું છે કે આપણે જ્ઞાનપૂર્વકની કરણીમાં પાછળ છીએ. આડંબરમાં વધુ તણાયા છીએ અને દ્રવ્યપૂજા એ ભાવપૂજાનું નિમિત્ત છે એટલું જ નહીં પણ વધારે મહત્ત્વની **ભાવપૂજા** જ છે એ રહસ્ય અધિકાંશે વીસરી ગયા છીએ. યાત્રિકોના મોટા સમુદાયમાં આ દૃશ્ય જોવાનું સહજ પ્રાપ્ત થયું. **શ્રીમદ્ આનંદઘનજી**એ પ્રથમ જિનના સ્તવનમાં ગાયું છે કે **ચિત્તપ્રસન્ને રે પૂજન-ફળ** કહ્યું એ જોવા ન મળ્યું! એટલે સૌરીપુરથી શરૂ કરી ઊડતી નજર ફેરવતાં જઈશું કે જેથી આપણો અનુભવ અન્યને માર્ગદર્શનરૂપ નિવડે. ( ચાલુ )

# ગુણગ્રાહકતા

લેખક : **શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'**

**સારા** ગુણો આપણામાં આવી વસે તો જ આપણે ગુણવાન થઈ શકીએ. અને ગુણ હોય તો તેની પાછળ લક્ષ્મી આવી મળે, કીર્તિ આવી મળે અને આપણા આત્માની ઉન્નતિ પણ અવશ્ય થાય; માટે આપણે નિત્ય ગુણોની શોધ કરતા રહેવું જોઈએ. અને ગુણ જણાતા તેની કદર કરી આપણામાં તે પ્રગટે એવા પ્રયત્નો કરવા જોઈએ. ગુણો કોઈ મોટા ધનવાન કે જ્ઞાનવાન અગર અધિકારી માણસમાં જ હોઈ શકે એમ એકાંતે માનવાનું કાંઈ કારણ નથી. ગુણો તો પુરુષોમાં હોય કે સ્ત્રીઓમાં પણ હોઈ શકે. વૃદ્ધ અનુભવી માણસમાં હોય તેમ બાળકમાં પણ હોય એમાં શંકા નથી. ગુણો બધી જ રીતે સાધુ, સંત-મહાત્મા પાસે જ જઈ વસે અને સામાન્ય સંસારી માણસ પાસે તેનો અભાવ હોય એમ એકાંતે કહી શકાય નહીં એટલા માટે જ કહ્યું છે કે, बालादपि सुभाषितं ग्राह्यम् । એટલે એકાદ બાળક પાસેથી પણ સારા બોધ આપનારા વચનનું ગ્રહણ કરવું જોઈએ. કારણ આત્મા એ જ્ઞાનગુણ પ્રધાન છે. આત્મામાં કાંઈ ને કાંઈ ગુણ અને જ્ઞાન હોય છે જ. કેટલાએક આત્માના જ્ઞાન ઉપરથી આવરણો દૂર થએલા હોવાથી તે પ્રગટરૂપે જોવામાં આવે છે. ત્યારે બીજાઓના જ્ઞાન ઉપર એવા ઘણા આવરણો જામેલા

For Private And Personal Use Only

હોવાથી તેના જ્ઞાનગુણો શૂન્યવત્ થઈ ગયેલા હોય છે. જે જે ગુણો ઉપરથી આવરણો નીકળી જાય છે તે તે ગુણો પ્રગટ થવાને અવસર મળી જાય છે. અને તે તે આત્માના જ્ઞાનગુણો પ્રગટ થાય છે. એકાદ ગામડીઆને જંગલી જડીબુટ્ટી કે વનસ્પતિનો ગુણ માલૂમ પડી જાય છે જેની મોટા જ્ઞાની માણસને ખબર પણ હોતી નથી. ત્યારે તે નિર્બુદ્ધ જણાતા માણસના જ્ઞાનનો આપણે ઉપયોગ કરીએ છીએ, તે માણસ મોટા જ્ઞાની નથી તેનો આપણે વિચાર કરતા નથી. રસ્તે ચાલતા આપણે ગમે તેવા નાના કે અજ્ઞાની માણસને અમુક ગામે જવાનો માર્ગ પૂછી લઈએ છીએ. અમુક દેશી ભાષાના શબ્દોના અર્થ આપણે તે તે ભાષાના વિદ્યાર્થીને પૂછીએ છીએ. એનો અર્થ એ થયો કે જ્ઞાન અનંત છે અને તે ક્રમશઃ અને ક્રમશઃ મેળવવું પડે. તે આપણે કોની પાસેથી મેળવીએ છીએ એ પ્રશ્ન ગૌણ છે, માટે જ જ્ઞાનગુણ આપણે ગમે ત્યાંથી મેળવી લેવો જોઈએ માણસો તો શું પણ પશુ પક્ષીઓની આચરણ ઉપરથી પણ માનવે જ્ઞાન ગ્રહણ કરેલા દાખલાઓ જગતમાં અનેક છે; માટે જ ગુણ મેળવવા માટે સ્થળ, કાળ કે વ્યક્તિ–વિશેષની અપેક્ષા ન રખાય. ગમે ત્યાંથી ગુણ ગ્રહણ કરવો અને તે ગુણી માનવ કે તિર્યંચની પણ આપણે કદર કરવી જોઈએ અને તેના ઉપકારોનું સ્મરણ રાખવું જોઈએ.

સોના કે રૂપાના ઢગલા પૃથ્વીના ગર્ભમાં જડી આવતા નથી. તે તો કણ કણમાં વિખરાએલા માટી સાથે મળેલા જોવામાં આવે છે. ધાતુર્વેદી તેમાંથી એકેક કણ શોધી કાઢે છે અને તે એકત્ર થતાં ઢગલા થઈ શકે છે. જુદા જુદા રત્નો તો પત્થરના અંતર્ભાગમાં છૂપાએલા હોય છે. તેને શોધી પ્રકાશમાં લાવવા પડે છે અને પછી જ તેનો ચળકાટ જોવામાં આવે છે, અને ત્યારપછી ઝવેરી તેના ગુણદોષ પારખી તેની કીંમત આંકે છે. ગુણોનું પણ એમ જ છે. અનેક વ્યક્તિઓમાં વિખરાએલા છૂટાછવાયા તે જોવામાં આવે છે. આપણે પણ જો એવો એકાદ પણ ગુણ જોવામાં આવે તો તે તરત ગ્રહણ કરવો જોઈએ. એવા ગુણો ગ્રહણ કરવાની આપણામાં શક્તિ પ્રગટ નહીં થએલી હોય તો આપણે એવા ગુણોની પ્રશંસા તો જરૂર કરવી જોઈએ. કારણ એમ કરવાથી જ કાળાંતરે પણ તેવા ગુણો આપણામાં પ્રગટ થવાની શક્યતા છે, એ ભૂલવું નહીં જોઈએ.

ગુણો વિખરાએલા પડેલા હોય છે. માટીમાં સોનાના કણો વિખરાએલા પડેલા હોય છે આપણે સુવર્ણ કણો કાઢીએ ત્યારે જે માટી સાથે તે મળેલ હોય છે, તે માટી તરફ આપણે દૃષ્ટિપાત પણ કરતા નથી. કારણ કે આપણે તો સોનાની જરૂર હોય છે. માટીની નહીં તેમ ગુણ ગ્રહણ કરતી વેળાએ કોની પાસેથી કે ક્યાંથી મળે છે એની ઝાઝી પંચાતમાં આપણે પડતા નથી. અને એની જરૂર પણ નથી. માટે જ કહ્યું છે કે, गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः । એટલે આપણે તો ગુણની જ પૂજા કરવાની હોય. તે પુરુષ છે કે સ્ત્રી છે, તે બાળ છે કે વૃદ્ધ છે એ જોવાની જરા ય જરૂર નથી. આપણે તો ગુણ સાથે કામ છે. તે ગુણ કોની પાસે છે. અને ક્યાંથી આવેલો છે એ જોવાનું આપણું કામ નથી. એકાદ માણસ સાધુનો વેશ ધારણ કરી સાધુનો વેષ ભજવતો હોય અને પાસે ભારોભાર દુર્ગુણ ભરેલા હોય એની પાસે આપણે જતા નથી. સાધુનું નામ ધારણ કરવાથી કોઈ એ સાધુ થઈ જતો નથી. તેમ સાધુના ગુણો એનામાં આવી જતા નથી. એટલા માટે જ ગુણ મેળવતા તે કોની પાસેથી આવ્યો છે તેની ઝાઝી શોધ આપણે ન કરીએ. આપણને તો ગુણથી જ કામ છે.

જગતમાં જ્યારે કોઈ માણસ પ્રશંસા પામે છે ત્યારે તે ગુણોના કારણે જ તેવી પ્રશંસા મેળવી જાય છે. રાજકારણી પુરુષ તેની નિઃસ્વાર્થ જનસેવાને કારણે જ પ્રશંસા પામે છે. વિજ્ઞાનવાદી જનકલ્યાણકારી એકાદ શોધખોળને કારણે જ લોકોમાં વખણાય છે કોઈ ગ્રંથકાર પોતાની જનસુલભ ભાષામાં એક સિદ્ધાંત આગળ મૂકી લોકોના અંતઃકરણ જીતી લે

છે, ત્યારે જ તેના ગુણો લોકાદરને પાત્ર બને છે. કોઈ કવિ જ્યારે એવી શબ્દરચના કરે છે કે લોકોના હૃદય થનગનાવી મૂકી તેની વિચારધારાને નવી પ્રેરણા આપી તેને અલૌકિક આનંદ આપે છે, ત્યારે લોકોના મુખેથી વાહ વાહના પોકારો સરી પડે છે. એકાદ સંત-મહાત્મા પોતાની શાંતિ, તપ, તિતિક્ષા સાથે મધુર વાણી ઉચરે છે ત્યારે તેના ચરણમાં લોકો ઝૂકી પડે છે. એ ઉપરથી જણાય છે કે, પૂજા ગુણની થાય છે; વ્યક્તિની નહીં,

આપણે જ્યારે તીર્થંકર ભગવંતની સ્તુતિ, સેવા અને પૂજા કરીએ છીએ ત્યારે તે વ્યકિતની નહીં પણ તેમનામાં રહેલ તીર્થંકરપણાના બાર ગુણો રહેલા છે તે ગુણોની પૂજા-સેવા કરીએ છીએ. તીર્થંકરો તો અનાદિકાળથી અનંત થઇ ગએલા છે અને આગામી કાળમાં પણ થવાના છે, પણ અંતે બધા તીર્થંકર અરિહંત ભગવંતોમાં એ જ બાર ગુણોનો આવિષ્કાર થએલો હતો અને આગામી કાળમાં થવાનો છે. એટલે એ બધાઓમાં જે ગુણો રહેલા હોય છે તે ગુણો જ પૂજનીય હોય છે, એ સ્પષ્ટ છે. એટલા માટે જ આપણે કોઇ તીર્થંકર ભગવંતના નામનો ઉચ્ચાર નહીં કરતા "નમો અરિહંતાણં"નો જાપ કરીએ છીએ. અને એ મહામંત્ર જ આપણો તરણતારણ બની ગએલો છે. બીજા કોઇ ગુરુપદે રહેલા આચાર્યભગવંતો કે ગણધરોના ગુણગાન આપણે કરીએ છીએ તેમાં પણ ગુણપૂજા એ જ મુખ્ય વસ્તુ છે. એટલા માટે જ આપણે ગુણગ્રાહક થવું જોઇએ અને ગુણને જ વખાણવા જોઇએ.

પ્રાતઃસ્મરણીય સંત મહાત્માઓ અને સતીઓના જ્યારે આપણે વખાણ કરીએ છીએ ત્યારે તેઓએ જે ચારિત્રની પૂરી કસોટી પસાર કરી દુઃખ સહન કરીને પણ છેવટ સુવર્ણની જેમ શુદ્ધ થયા એ ગુણના આપણે વખાણ કરીએ છીએ. માટે જ આપણે કોઇમાં પણ જરા જેવો પણ સારો ગુણ જોઇએ ત્યારે તે ગ્રહણ કરવાની તત્પરતા બતાવવી જોઇએ. છેવટ તેના વખાણ તો અવશ્ય કરવા જ જોઈએ. એમ કરવાથી જ આપણામાં કાંઈક ગુણો પ્રગટ થવાનો સંભવ રહે છે

ઘણી વખત આપણે પોતાની અણઆવડતને લીધે આપણા ભાઈ ભાંડુઓમાં કે સમાજની કોઇ વ્યકિતમાં એકાદ સદ્ગુણ જોઇએ છીએ છતાં આપણે તેની કદર કરી શકતા નથી. એ તો અમુક વ્યકિત છે. એના તે વળી વખાણ કેવા? આપણો તો એની સાથે ઘણો પરિચય હોવાથી એ તે કોણ મોટો થઈ ગયો? એવી તુચ્છતા બતાવી આપણે એના ગુણની કદર કરતા ભૂલી જઇએ છીએ. પરિણામે એ વ્યકિતના સારા ગુણોને પણ પ્રગટ થતા આપણે અટકાવી દઇએ છીએ. આખરે ગુણો પણ ગુણીને આશ્રયીને જ રહે છે. ગુણનો ગ્રહણ કરનારો જ ન હોય તો ગુણોને રહેવાનું સ્થાન જ ક્યાં હોય? ગુણો તો વ્યકિતનો આશ્રય કરીને જ રહે છે. અને પ્રગટપણે જોવામાં આવે છે, ગુણો કાંઇ હવાના તરંગમાં અધર રહેતા નથી. એને પણ રહેવાના સ્થાનની આવશ્યકતા છે માટે આપણે કોઈ વ્યકિતમાં એકાદ પણ સારો ગુણ જોવામાં આવે ત્યારે મુક્તકંઠે તેની પ્રશંસા કરવી જોઇએ. એને લીધે જે વ્યકિતમાં એ ગુણ હોય તેને ઉત્તેજન મળી બીજા અનેક ગુણો તેનામાં પ્રગટ થવાનો અવસર મળે છે. આપણે જ્યારે ગુણની પ્રશંસા કરીએ ત્યારે સ્વાભાવિક રીતે જે વ્યકિતમાં એ ગુણ રહેલ હોય તે વ્યકિતની જ તેના ગુણ માટે પ્રશંસા કરવી જોઇએ. આપણે આપણી એ ફરજ કદી નહીં ચૂકીએ.

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# શ્રી નમસ્કાર મહામંત્ર–મૌક્તિકમાલા

( ૩ )

લેખક : પૂ. પંન્યાસજી શ્રી સુશીલવિજયજી ગણિવર્ય

**નવકાર**–એ મંત્ર આત્મ-જીવનને ટકાવનાર અને નૂતન ચૈતન્ય પ્રગટાવનાર '**દિવ્ય સંજીવની**' છે. ૩૩

**નવકાર**–એ મંત્ર તિરોભૂત થયેલ આત્મગુણોને આવિર્ભાવ–પ્રગટ કરનાર '**શ્રેષ્ઠસર્ચલાઈટ**' છે. ૩૪

**નવકાર**–એ મંત્ર અક્ષર, શબ્દ, વર્ણ, ગુરુ, લઘુ, પદ, સંપદા અને ચૂલિકા વગેરે રૂપ સુગંધીદાર પુષ્પો–ફૂલોનો ખીલેલો નવપલ્લવિત '**સર્વોત્તમ બાગ-બગીચો**' છે. ૩૫

**નવકાર**–એ મંત્ર અત્યુત્તમ આત્મજ્યોતિને નિરંતર જાગ્રત રાખનાર '**અખંડ દીવડો**' છે. ૩૬

**નવકાર**–એ મંત્ર નિખિલ દુઃખ, દોહગ અને દુરિતાદિરૂપી રજાદિકને દૂર કરનાર '**સુંદર સમીર-પવન**' છે. ૩૭

**નવકાર**–એ મંત્ર ત્રણેય લોકમાં આત્મરક્ષાકર '**અદ્વિતીય મહામંત્ર**' છે. ૩૮

**નવકાર**–એ મંત્ર ઉત્તમ મોક્ષતત્ત્વનો '**અલૌકિક અર્ક**' છે. ૩૯

**નવકાર**–એ મંત્ર સમસ્ત શ્રુતજ્ઞાનનો '**મહા-સાગર**' છે. ૪૦

**નવકાર**–એ મંત્ર વિષ, વિષધર, ભૂત, પિશાચ, પલિત, જન, ડાકિની, શાકિની અને યાકિની વગેરેના સકલ ઉપદ્રવોનો '**અનુપમ નિગ્રાહક**' છે. ૪૧

**નવકાર**–એ મંત્ર વિશ્વના સર્વ જીવોને મરણની અંતિમ ઘડીએ પણ '**મહાસહાયક**' છે. ૪૨

**નવકાર**–એ મંત્ર અને તેનો અનુપમ મહિમા ત્રણેય કાળમાં **સર્વશ્રેષ્ઠ**, **અલૌકિક** ને **અતિ અદ્‌ભૂત** છે. ૪૩

**નવકાર**–એ મંત્ર ધર્માસ્તિકાયાદિ ષડ્‌દ્રવ્યની જેમ સકલ લોકમાં **સુપ્રસિદ્ધ**, **સ્વયંસિદ્ધ** ને **સનાતન શાશ્વત** છે. ૪૪

**નવકાર**–એ મંત્ર ત્રણેય લોકમાં સર્વદા '**અભય**' અને '**અજેય**' છે. ૪૫

**નવકાર**–એ મંત્ર ધ્યાતાના ધ્યાનના '**અખંડ ધ્યેયસ્વરૂપ**' છે. ૪૬

**નવકાર**–એ મંત્ર આધ્યાત્મિક ઉન્નતિ અને આત્માની સાચી આઝાદી સાધવાનું '**સર્વોત્કૃષ્ટ માર્ગદર્શન**' છે. ૪૭

**નવકાર**–એ મંત્ર સંપૂર્ણ તત્ત્વજ્ઞાનાદિકનો '**અખૂટ ખજાનો**' છે. ૪૮

**નવકાર**–એ મંત્ર અલૌકિક પ્રકાશના પંથનો '**પરમ પ્રદર્શક**' છે. ૪૯

**નવકાર**–એ મંત્ર જગતભરના પ્રશસ્ત આંદોલનોનું '**મહાકેન્દ્ર**' છે. ૫૦

**નવકાર**–એ મંત્ર નિખિલ દુનિયાના દુઃખી સુખી કોઈ પણ પ્રાણીને '**અસાધારણ આશ્વાસનરૂપ**' છે. ૫૧

**નવકાર**–એ મંત્ર સકલ શાસ્ત્રોમાં સર્વોત્તમ '**વ્યાપક સૂત્ર**' છે. ૫૨

**નવકાર**–એ મંત્ર સર્વદા આ લોક અને પરલોકમાં સકલ આત્માઓને અતિતૃપ્ત કરતું અમૃત '**પીયૂષ-અમૃત**' છે. ૫૩

**નવકાર**–એ મંત્ર સકલ મંગલ–કલ્યાણનો '**નિધિ**' છે. ૫૪

**નવકાર**–એ મંત્ર દુર્ગતિરૂપી સમગ્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગંજીને બાળી ભસ્મીભૂત કરનાર દેદીપ્યમાન **‘અગ્નિ-કણ’** છે. ૫૫

**નવકાર**–એ મંત્ર મહાવિદેહાદિ ક્ષેત્રમાં, તીર્થ-ભૂમિમાં અને સ્વર્ગાદિકમાં લઈ જનાર **‘દિવ્ય વિમાન–એરોપ્લેન’** છે. ૫૬

**નવકાર**–એ મંત્ર વિશ્વમાં સર્વોત્કૃષ્ટ ભાવવાળો **‘ભાવમંગલ’** છે. ૫૭

**નવકાર**–એ મંત્ર જૈનદર્શનમાં **‘પંચમંગલ-મહાશ્રુતસ્કંધ’** અને **‘નવકાર(પંચમંગલ)સૂત્ર’** તરીકે મશહૂર-સુપ્રસિદ્ધ છે. ૫૮

**નવકાર**–એ મંત્ર ગૃહસ્થના [ શ્રાવક–શ્રાવિકાના ] ૭ ઉપધાન પૈકી અઢાર દિવસની વિધિપૂર્વક આરાધનાનું **‘પ્રથમ ઉપધાન’** છે. ૫૯

**નવકાર**–એ મંત્ર આ લોકમાંથી પરલોકના પંથે પ્રવર્તેલા પ્રાણીરૂપી પથિકને **‘પરમ પથ્યદન’** (ભાથું) છે. ૬૦

**નવકાર**–એ મંત્ર વિશ્વમાં ખરેખર પરમોપકારી **‘પિતા’** છે. ૬૧

**નવકાર**–એ મંત્ર જગતમાં ખરેખર પાલનકારી **‘માતા’** છે. ૬૨

**નવકાર**–એ મંત્ર આલમમાં સાચો **‘નિષ્કારણ બંધુ’** છે. ૬૩

**નવકાર**–એ મંત્ર ત્રણેય લોકમાં સાચો સલાહ-કાર **‘સન્મિત્ર’** છે. ૬૪

**નવકાર**–એ મંત્ર વિશ્વભરના સર્વ શ્રેયોમાં **‘પરમ શ્રેય’** છે. ૬૫

**નવકાર**–એ મંત્ર ત્રિભુવનના સકલ મંગલિકોમાં **‘પ્રધાન મંગલિક’** છે. ૬૬

**નવકાર**–એ મંત્ર જગતભરના તમામ પુણ્યોમાં **‘પરમ પુણ્ય’** છે. ૬૭

**નવકાર**–એ મંત્ર દુનિયાના નિખિલ ફળોમાં **‘સર્વશ્રેષ્ઠ ફળ’** છે. ૬૮

**નવકાર**–એ મંત્ર આલમના સમસ્ત તત્ત્વોમાં **‘સર્વોત્કૃષ્ટ તત્ત્વ’** છે. ૬૯

**નવકાર**–એ મંત્ર વિશ્વના પ્રાણીઓને કોઈ પરમદુર્લભ વસ્તુની **‘અપૂર્વ પ્રાપ્તિ’** છે. ૭૦

**નવકાર**–એ મંત્ર સમગ્ર જૈનશાસ્ત્રના સારરૂપ અણમોલ અલંકાર–આભૂષણની **‘મનોહર મંજૂષા’** છે. ૭૧

**નવકાર**–એ મંત્ર જગતના સર્વ જીવોને ઇષ્ટનો **‘સુંદર સમાગમ’** છે. ૭૨

**નવકાર**–એ મંત્ર નરકાદિ દુર્ગતિઓના દુર્ધર દ્વારોને રોકનાર **‘દિવ્ય અર્ગલા’** છે. ૭૩

**નવકાર**–એ મંત્ર ઉત્તમ આરાધનારૂપી વિજયી વાવટાને–ધ્વજને ગ્રહણ કરવા માટેનો **અલૌકિક કર (હાથ)** છે. ૭૪

**નવકાર**–એ મંત્ર સંસારસાગર પાર ઉતારવાનો **‘અત્યુત્તમ સેતુ’** છે. ૭૫

**નવકાર**–એ મંત્ર લૌકિક અને લોકોત્તર ઉભય મનોવાંછિત પૂરક **‘અચિંત્ય ચિંતામણિ’** છે. ૭૬

**નવકાર**–એ મંત્ર સકલ અર્થનો **‘અનન્ય સાધક’** છે. ૭૭

**નવકાર**–એ મંત્ર જૈન ધર્મનો મહાપ્રભાવિક સચૂલિક **‘મૂળમંત્ર’** છે. ૭૮

**નવકાર**–એ મંત્ર સમસ્ત દ્વાદશાંગીનો **‘પરમ અર્થ, પરમ રહસ્ય અને પરમ સાર’** છે. ૭૯

**નવકાર**–એ મંત્ર પરમપુરુષ એવા પંચ પર-મેષ્ઠિ ભગવંતોના **‘નામોત્કીર્તનસ્વરૂપ’** છે. ૮૦

**નવકાર**–એ મંત્ર પ્રાણીઓની પરિણામવિશુદ્ધિના નિર્મળ **‘કારણ માત્રરૂપ’** છે. ૮૧

**નવકાર**–એ મંત્ર સંસારસાગરનો **‘સુંદર શોષક’** છે. ૮૨

**નવકાર**–એ મંત્ર વિશ્વમાં **‘સર્વશાસ્ત્રવ્યાપક’** અને **‘સર્વશ્રુતઅભ્યંતર’** છે. ૮૩

**નવકાર**–એ મંત્ર વિશાલકાય દ્વાદશાંગીને જોવાનું **‘સુંદર દુરબીન’** છે. ૮૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવકાર-એ મંત્ર સમસ્ત જગતનો 'લોકોત્તર સ્વામી' છે. ૮૫

નવકાર-એ મંત્ર ત્રિભુવનમાં 'સર્વોત્તમ યોગ-ક્ષેમંકર' છે. ૮૬

નવકાર-એ મંત્ર વિશ્વમાં સદાચારાદિનો 'અનન્ય નિયામક' અને અસદાચારાદિનો 'સર્વથા વિનાશક' છે. ૮૭

નવકાર-એ મંત્ર અડસઠ અક્ષરમય 'અડસઠ તીર્થસ્વરૂપ' છે. ૮૮

નવકાર-એ મંત્ર પંચપરમેષ્ઠિમય 'પંચતીર્થીરૂપ' છે. ૮૯

નવકાર-એ મંત્ર વિશ્વના સર્વ પ્રકારના માંગલિક સ્મરણોમાં 'મુખ્ય સ્મરણ' છે. ૯૦

નવકાર-એ મંત્ર સમસ્ત જગતની પરમકલ્યાણકર 'અપાર સંપત્તિ' છે. ૯૧

નવકાર-એ મંત્ર જગતમાં અદ્વિતીય શક્તિનો 'અદ્ભુત તેજપુંજ' છે. ૯૨

નવકાર-એ મંત્ર સમસ્ત શ્રુતસ્કંધોમાં 'મહાશ્રુતસ્કંધ' છે. ૯૩

નવકાર-એ મંત્ર ત્રણેય લોકના પ્રાણીઓને 'પરમપ્રિય' છે. ૯૪

નવકાર-એ મંત્ર સૌના નિખિલ વિઘ્નનો 'વિદારક' છે. ૯૫

નવકાર-એ મંત્ર ત્રણેય લોકમાં 'અનુપમ અવર્ણનીય' છે. ૯૬

નવકાર-એ મં જગતના સમસ્ત પ્રાણીઓને એક સરખો 'લાભદાયક' છે. ૯૭

નવકાર-એ મંત્ર ધર્માત્માઓનો-ધર્મીજીવોનો 'મહાપ્રાણ' છે. ૯૮

નવકાર-એ મંત્ર માથાનો 'અનુપમ મુગટ' છે. ૯૯

નવકાર-એ મંત્ર હૈયાનો 'અદ્ભુત હાર' છે. ૧૦૦

નવકાર-એ મંત્ર નયનોનો 'નિર્મળ કીકી' છે. ૧૦૧

નવકાર-એ મંત્ર સૌરભમય 'સુંદર શ્વાસ' છે. ૧૦૨

નવકાર-એ મંત્ર પરમપવિત્ર પંચપરમેષ્ઠિ ભગવંતોનો 'સર્વોત્કૃષ્ટ સમૂહ' છે. ૧૦૩

નવકાર-એ મંત્ર સમસ્ત જગતમાં 'અતિદુર્લભ' છે. ૧૦૪

નવકાર-એ મંત્ર ત્રણેય લોકમાં 'અદ્વિતીય-અણમોલ' છે. ૧૦૫

નવકાર-એ મંત્ર ત્રણેય લોકમાં અલૌકિક કિરણ ફેંકતો અને સર્વત્ર અજવાળાં પાથરતો 'ઝગમગતો રત્નદીપક' છે. ૧૦૬

નવકાર-એ મંત્ર જગતમાં ત્રણેય કાળના સકલ અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુરૂપ પંચ પરમેષ્ઠિ ભગવંતોનું એક કાળમાં અલૌકિક સ્મરણ કરાવનાર 'નિર્મળ આરીસો' છે. ૧૦૭

નવકાર-એ મંત્ર વિશ્વમાં 'સર્વોત્કૃષ્ટ દેવાધિદેવ' છે. ૧૦૮

નવકાર-એ મંત્ર જગતમાં સર્વોત્તમ 'સાચો ગુરુવર' છે. ૧૦૯

નવકાર-એ મંત્ર આલમમાં સદા 'અખંડ' અને 'અક્ષય' છે. ૧૧૦

નવકાર-એ મંત્ર લોહરૂપ વસ્તુને પણ સુવર્ણરૂપ બનાવનાર 'અનુપમ પારસમણી' છે ૧૧૧

નવકાર-એ મંત્ર સુદેવ (અરિહંત અને સિદ્ધ) તથા સુગુરુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) એ બન્નેને પ્રતિદિન પોતાના નિવાસસ્થાનમાં રાખનાર 'સર્વોત્તમ મંદિર' છે. ૧૧૨

નવકાર-એ મંત્ર ત્રણેય લોકમાં 'સર્વમાન્ય' 'સર્વગ્રાહ્ય' અને 'સર્વ સ્મરણીય' છે. ૧૧૩

નવકાર-એ મંત્ર જગતની સમસ્ત જનતાનું 'સાચું શરણ' છે. ૧૧૪ (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો

## [ લેખાંક ૪ : ચોત્રીશ અતિશયો ]

શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**સમવાય** નામના જૈન આગમની બે વાચના જોવાય છે. (૧) બૃહત્ અને (૨) લઘુ. તેમાં 'બૃહત્' વાચના અનુસાર એ આગમના ચોત્રીસમા સમવાયમાં–ચોત્રીસમા સુત્ત(સૂત્ર)માં તીર્થંકરના ચોત્રીસ અતિશયોનાં નામ નીચે મુજબના ક્રમથી એક પછી એક અપાયાં છે:—

(૧) કેશ, દાઢી અને મૂછના વાળ, તેમજ રુવાંટી અને નખ અવસ્થિત રહે–વધે નહિ.

(૨) શરીર રોગથી મુક્ત અને મેલથી રહિત હોય.

(૩) માંસ અને લોહી (એ બંને) ગાયના દૂધ જેવાં શ્વેત હોય.

(૪) ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ પદ્મ અને (નીલ) કમળની જેમ સુગંધી હોય.

(૫) આહાર અને નીહાર ચર્મચક્ષુવાળાને અદૃશ્ય હોય.

(૬) આકાશમાં રહેલું એવું ચક્ર હોય છે.

(૭) આકાશમાં રહેલું એવું છત્ર હોય છે.

(૮) આકાશમાં રહેલા એવા શ્વેત અને ઉત્તમ ચામરો હોય છે.

(૯) આકાશ જેવું (સ્વચ્છ), સ્ફટિક (મણિ)-મય પાદપીઠ સહિત સિંહાસન હોય છે.

(૧૦) આકાશમાં રહેલો એક હજાર પતાકાથી વિભૂષિત અને મનોહર ઇન્દ્રધ્વજ (પ્રભુની) આગળ ચાલે છે.

(૧૧) જ્યાં જ્યાં તીર્થંકર ઊભા રહે કે બેસે ત્યાં ત્યાં તત્કાળ પત્ર, પુષ્પ અને પલ્લવથી યુક્ત તેમજ છત્ર, ધ્વજ, ઘંટ અને પતાકા સહિત ઉત્તમ અશોક વૃક્ષ હોય છે.

(૧૨) કંઇક પાછળના ભાગમાં મુગટને સ્થાને પ્રભામંડળ(ભામંડળ) હોય છે કે જે અંધકારમાં પણ દશે દિશાઓને પ્રકાશિત કરે છે.

(૧૩) બહુ સરખો (સમતલ) અને રમણીય ભૂમિભાગ હોય છે.

(૧૪) (માર્ગમાં) કાંટાઓ નીચા મુખવાળા થઇ જાય છે.

(૧૫) વિપરીત ઋતુઓ અનુકૂળ બને છે.

(૧૬) શીતળ, શુભ સ્પર્શવાળો અને સુગંધી વાયુ એક યોજનના પરિમંડલને બધી બાજુએથી સ્વચ્છ કરે છે.

(૧૭) મેઘ ઉચિત જળબિન્દુઓવડે રજ અને રેણુને બેસાડી દે છે.

(૧૮) જળ અને સ્થળમાં ઉત્પન્ન થએલાં, તેજસ્વી, નીચા દીંટડીવાળાં અને પાંચ વર્ણનાં પુષ્કળ પુષ્પોનો ઢીંચણ સુધી (દેવ) ઢગલો કરે છે.

(૧૯) અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો અભાવ હોય છે.

(૨૦) મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો પ્રાદુર્ભાવ થાય છે.

(૨૧) ધર્મોપદેશ આપતી વેળા તીર્થંકરનો સ્વર હૃદયંગમ અને એક યોજન સુધી વ્યાપી રહેલો હોય છે.

(૨૨) પ્રભુ અદ્ધમાગહી (અર્ધમાગધી) ભાષામાં ધર્મનું કથન કરે છે.

(૨૩) એ અદ્ધમાગહી ભાષા બોલાતાં એ ભાષા, સર્વ આર્ય અને અનાર્યને, દેશમાંના દ્વિપદ (મનુષ્યો), ચતુષ્પદ, વનના તેમજ નગરનાં પશુ, પક્ષી, સરીસૃપ ઇત્યાદિ જીવોને હિતકારી, કલ્યાણકારી અને સુખદ ભાષારૂપે પરિણમે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૪) પૂર્વે વેર બાંધેલા જીવો તેમજ દેવ, દાનવ, નાગ, સુવર્ણ (જ્યોતિષ્ક), યક્ષ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગન્ધર્વ અને મહોરગ તીર્થંકરના ચરણ આગળ રહીને પ્રસન્ન ચિત્તે ધર્મ સાંભળે છે.

(૨૫) ત્યાં આવેલા અન્ય તીર્થના પ્રાવચનિકો પણ પ્રભુને વંદન કરે છે.

(૨૬) ત્યાં આવેલા અન્ય તીર્થના પ્રાવચનિકો તીર્થંકર આગળ નિરુત્તર બને છે.

(૨૭–૩૩) જ્યાં જ્યાં અરિહંત ભગવાન વિચરે છે ત્યાં ત્યાં પચ્ચીસ યોજન સુધી ઇતિ, મારી (મરકી), સ્વચક્ર(નો ભય), પરચક્ર(નો ભય), અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ તેમજ દુકાળ હોતાં નથી.

(૩૪) પૂર્વે થયેલા [1]ઔત્પાતિક અનર્થો અને રોગો સત્વર નાશ પામે છે.

**સમવાય** ઉપર અભયદેવસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એમાં આ અતિશયોને અંગે કેટલુંક લખાણ છે. તેમાં નીચે મુજબની બાબતો નોંધપાત્ર જણાય છે.

**વાચનાભેદ**–કાળા અગર, શ્રેષ્ઠ ચીડા અને સિલ્હકના ધૂપવડે મઘમઘતી સુગંધવડે અત્યંત રમણીય એવું પ્રભુને બેસવાનું સ્થાન હોય છે. એ ૧૯મો અતિશય છે.

કટક અને ત્રુટિત એ બે અલંકારો ખૂબ જ પહેરેલાં હોવાથી સ્તંભિત બનેલા હાથવાળા બે યક્ષો અરિહંત ભગવાનની બન્ને બાજુએ(રહી) ચામર વીંઝે છે. એ ૨૦ મો અતિશય છે.

આ બે અતિશયો બૃહદ્ વાચનામાં કહ્યા નથી.[2]

**અધિક અર્થ**–કેટલાક અતિશયના અધિક અર્થ પણ દર્શાવાયા છે. જેમકે ચોથા અતિશયનો અર્થ એમ પણ કરાયો છે કે ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ પદ્મક અને ઉત્પલકુષ્ઠ એવા બે ગંધદ્રવ્યની સુગંધથી યુક્ત હોય છે.

પ્રકાશવાળું ચક્ર એટલે કે ધર્મચક્ર હોય છે, એમ છઠ્ઠા અતિશય પરત્વે કહ્યું છે.

**વર્ગીકરણ**—ચોત્રીસ અતિશયોના નીચે મુજબ ત્રણ વર્ગો પડાયા છે.

(૧) જન્મ આશ્રીને, (૨) કર્મક્ષયથી ઉદ્ભવેલા અને (૩) દેવોએ કરેલા.

પ્રથમ વર્ગમાં બીજાથી પાંચમા સુધીના ચાર અતિશયો છે.

દ્વિતીય વર્ગમાં એકવીસમાંથી છેવટ સુધીના ચૌદ તેમજ 'પ્રભામંડળ' નામનો બારમો એમ પંદર અતિશયો છે.

તૃતીય વર્ગમાં બાકીના (પંદર) અતિશયો છે. એટલે કે પહેલો, છઠ્ઠાથી અગિયારમા સુધીના તેમજ તેરમાથી વીસમા સુધીના છે.

**સંભાવના**–'કુડભિ'નો અર્થ 'લઘુ પતાકા' સંભવે છે.

**મતાંતર**--અતિશયો સંબંધી મતાંતર છે. (એ શો છે તે કહ્યો નથી.)

**સ્પષ્ટીકરણ**--આહાર અને નીહાર અવધિજ્ઞાની જેવા નેત્રવાળા વગેરે જીવો તો જોઇ શકે.

**ઇન્દ્રધ્વજ**–બીજા ધ્વજોની અપેક્ષાએ આ ધ્વજ અત્યંત મોટો હોવાથી ઇન્દ્ર એવો જે ધ્વજ તે 'ઇન્દ્રધ્વજ' અથવા ઇન્દ્રપણાને સૂચવનારો ધ્વજ તે 'ઇન્દ્રધ્વજ' એમ ઇન્દ્રધ્વજ વિષે સમજણ અપાઈ છે.

**'સંવર્ત' વાયુ**–આ વડે એક યોજન સુધીની ભૂમિ શુદ્ધ થાય છે.

સત્તરમો અતિશય તે 'ગન્ધોદક વૃષ્ટિ' નામનો અતિશય છે.

**અર્ધમાગધી ભાષા**–આ અત્યંત કોમળ છે.

'ઇતિ'–ધાન્ય વગેરેને ઉપદ્રવ કરનાર ઉંદર વગેરે પ્રાણીઓ, એમ ઇતિનો અર્થ કરાયો છે. (ચાલુ)

---

૧ અનિષ્ટસૂચક રુધિરવૃષ્ટિ વગેરેના કારણરૂપ.

૨. આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે અતિશયોને અંગે બે વાચના છે. બંને વાચનામાં ૧૯ મા અને ૨૦ મા અતિશય સિવાયના બત્રીશ અતિશયો સરખા જ છે. આ બે જ ભિન્ન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક–સાર્થ

: ( ૨૮ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૧૧૩) સાધુ અને શ્રાવકો જે ચતુર્થ ભક્ત, છટ્ઠ, અટ્ઠમ આદિ તપ કરે છે તેની આદિ અને અંતમાં એકાશનના પચ્ચખાણ કરવાનો નિયમ છે કે નહિ ?

ઉ૦—આદિ અને અંતમાં એકાસણું કરવું જોઈએ એવો નિયમ જણાતો નથી. કહ્યું છે કે–

चतुर्थभक्तं यावत् यत्र भक्तं त्यज्यते तत् चतुर्थमित्यादि, तच्चतुर्थशास्त्रोक्तत्वात् कथं न नियम इति चेत् शृणु व्युत्पत्तिमात्रमेवैतत् गच्छतीति गौरित्यादिवत् तात्पर्यं तु चतुर्थमिति उपवासस्य संज्ञा–

ભાવાર્થ—ચાર ભક્ત સુધી જેમાં ભોજનનો ત્યાગ કરાય તે ચતુર્થભક્ત કહેવાય.

શંકા—ચતુર્થભક્ત એ શાસ્ત્રોક્ત હોવાથી નિયમ કેમ ન કહેવાય ?

સમાધાન—હે ભદ્ર ! સાંભળ, આ તો વ્યુત્પત્તિ માત્ર છે. જાય તે ગાય કહેવાય એની માફક. આનો તાત્પર્ય એ છે કે ચતુર્થ એ ઉપવાસનું નામ છે. ભગવતીસૂત્રની ટીકામાં બીજા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે–

"चउत्थं चउत्थे णं" चतुर्थं भक्तं यावत् भक्तं त्यज्यते यत्र तत् चतुर्थमियं चोपवासस्य संज्ञा, एवं षष्ठादिकमुपवासद्वयादेरिति, अन्तकृद्दशावृत्तौ अप्युक्तं रत्नावलीतपोधिकारे, "चतुर्थमेकेन उपवासेन षष्ठं द्वाभ्यां अष्टमं त्रिभिरिति" किं च यदि चतुर्थादेराद्यन्तदिनयोरेकाशनकनियमो भवेत् तर्हि "वासावासं पज्जोसवियाणं छट्ठभत्तियस्स कप्पंति दोगोअरकाला" इत्यादि कल्पसूत्रोक्तपाठो विरुध्येत् ।

ભાવાર્થ—ચાર વખત ભોજનનો જેમાં ત્યાગ કરાય તે તે ચતુર્થભક્ત, ચતુર્થ એ ઉપવાસની સંજ્ઞા છે, નામ છે. એ પ્રમાણે છટ્ઠ એ બે ઉપવાસનું નામ. અંતકૃદ્દશાસૂત્રની ટીકામાં રત્નાવલીતપના અધિકારમાં એક ઉપવાસવડે ચતુર્થ, બે ઉપવાસવડે છટ્ઠ, ત્રણ ઉપવાસવડે અટ્ઠમ કહેવાય તેમ જણાવ્યું છે, વળી જો ચતુર્થ આદિના પહેલા અને છેલ્લા દિવસે એકાસન કરવાનો નિયમ હોય તો ચોમાસામાં છટ્ઠ ભક્તવાલા સાધુને બે વાર ગોચરી જવું કલ્પે ઇત્યાદિ કલ્પસૂત્રના પાઠની સાથે વિરોધ આવે. ત્યાં છટ્ઠના પારણે બે વાર આહાર નિમિત્તે ગૃહસ્થને ઘેર જવાનું કહ્યું છે.

પ્ર૦—(૧૧૪) શ્રાવકે રાત્રિભોજનનો ત્યાગ તો ભોગોપભોગપરિમાણ નામક સાતમા વ્રતમાં જ અભક્ષ્યના ત્યાગ અવસરે કરેલું હતું, તો પછી શ્રાવકને અગિયાર પ્રતિમામાં પાંચમી પ્રતિમાની અંદર તે ત્યાગ કેમ કહ્યો ?

ઉ૦—પ્રાયઃ પૂર્વે અશન અને ખાદિમનો ત્યાગ કર્યો હતો. પાણી અને સ્વાદિમ મુખવાસની તો પરતન્ત્રતાને લઈને છૂટી રાખી હતી. પાંચમી પ્રતિમામાં તો તેનો પણ ત્યાગ કરવાનું કહ્યું છે તેથી કોઈ દોષ નથી.

પ્ર૦—(૧૧૫) દૈવસી આદિ પાંચ પ્રતિક્રમણમાં સરખા પાઠરૂપ ગમા આલોવા કેટલા હોય છે તથા આવશ્યકનિર્યુક્તિ આદિમાં સર્વ પ્રતિક્રમણની શરૂઆતમાં દૈવસિકની ગણના કેમ કરી ?

ઉ૦—ત્રણ ગમા એટલે ત્રણ આલોવા છે તે કહીએ છીએ–દેવવંદન કરી ચાર ખામણાવડે આચાર્યાદિ ગુરુને વંદન કરી "सव्वस्सवि ઇત્યાદિ કહીને જે" करेमि भंते ઇત્યાદિ બોલવાપૂર્વક જે "इच्छामि ठामि काउस्सग्गं ઇત્યાદિ બોલવું તે પહેલો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમો જાણવો, તથા ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં "करेमि भंते" ઇત્યાદિ બોલવાપૂર્વક જે "इच्छामि पडिक्कमिउं" ઇત્યાદિ બોલવું તે બીજો ગમો છે, તથા પાંચમા આવશ્યકમાં જે "करेमि भंते" ઇત્યાદિ બોલવાપૂર્વક "इच्छामि ठामि काउस्सग्गं" ઇત્યાદિ બોલવું તે ત્રીજો ગમો જાણવો, તથા દૈવસિકની આદિમાં ગણના તો દિવસની મુખ્યતાને લીધે જાણવી. આવશ્યકનિર્યુક્તિની મોટી ટીકામાં આ પ્રમાણે કહ્યું છે–

"देवसिय राइय पक्खिय चाउम्मासे तहेव वरिसे य। इक्केक्क तिन्नि गमा नायव्वा पंचसु एतेसु ॥१॥

**ભાવાર્થ**–દિવસવડે થએલ હોય તે દૈવસિક, તેને વિષે, એવી રીતે રાત્રિક–પાક્ષિક–ચાતુર્માસિક–વાર્ષિક પાંચ પ્રતિક્રમણ, તે વિષે એક એક પ્રતિક્રમણમાં ત્રણ ગમા જાણવા. આ પાંચ પ્રતિક્રમણમાં ત્રણ ગમા શી રીતે થાય? સામાયિક કરીને કાઉસ્સગ્ગ કરવો ૧, સામાયિક કરીને પ્રતિક્રમણસૂત્ર બોલવું ૨, સામાયિક કરીને ફરી કાઉસ્સગ્ગ કરવો. ૩.

પ્ર૦—(૧૧૬) કાયોત્સર્ગમાં ઉચ્છ્વાસાદિ કઇ કઇ વિધિવડે કરવા?

ઉ૦—સમ્યગ્યતનાવડે કરવું. યતનાનું સ્વરૂપ આવશ્યક બૃહદ્વૃત્તિથી જાણવું, તે સંબંધી સંક્ષેપ પાઠ આ પ્રમાણે છે—

" ऊसासं न निरुंभइ इत्यादि कायोत्सर्गे उच्छ्वासं न निरुणद्धि, किन्तु सूक्ष्मोच्छ्वासमेव यतना मुंचति नोल्वणं, मा भूत सत्त्वविघात इति एवं कासक्षुतादीनि अपि कायोत्सर्गे अग्रतो हस्तदानेन यतनया क्रियन्ते न निरुध्यन्ते, वातनिसर्गे च शब्दस्य यतना क्रियते न निसृष्टं मुच्यते इत्यादि: "

**ભાવાર્થ**–કાયોત્સર્ગમાં ઉચ્છ્વાસ રોકવો નહિ, પરંતુ સૂક્ષ્મયતનાવડે મૂકે, જોરથી નહિ જેથી કોઇ સત્વનો ઘાત ન થાય, એ પ્રમાણે ખાસી, છીંક આદિ પણ કાઉસ્સગ્ગમાં મુખ આગળ હાથ રાખીને યતના કરે પણ રોકે નહિ, વાતસંચર થાય તો શબ્દની યતના કરે, નિકસ્યું હોય એમ ન મૂકે. અત્રે જીતકલ્પ ટીકામાં એટલી વિશેષતા છે કે—

अधोवातनिर्गमे च करेण एकपुताकर्षणं कार्यं येन महान् कुत्सित: शब्दो न भवति, अन्यथा तु अविधिरिति "

**ભાવાર્થ**–અધોવાત નિકસે ત્યારે હાથવડે એક પુતાનું આકર્ષણ કરવું જેથી મહાન્ કુત્સિત શબ્દ ન થાય, તે સિવાય તો અવિધિ જાણવી.

પ્ર૦ (૧૧૭)—એકાશનાદિ પચ્ચખાણમાં 'पारिट्ठावणियागारेणम्' એ પ્રમાણે આગાર આવે છે એનો અર્થ શો? તથા પરઠવવાની વસ્તુ કોને આપવી?

ઉ૦—પરિષ્ઠાપન એટલે પચ્ચખાણ કરેલ વિગઇ આદિનો સર્વથા ત્યાગ કરવો એ જ છે પ્રયોજન આનો તે પારિષ્ઠાપનિક આગારવિશેષ જાણવું. બીજે સ્થળે એ વસ્તુનો ત્યાગ કરવામાં આવે તો બહુ દોષનો સંભવ છે. આગમિક ન્યાયવડે આશ્રય કરવામાં આવે તો ગુણનો સંભવ છે તેથી ગુરુ આજ્ઞાવડે ખાય તો પચ્ચખાણ ભાંગે નહિ એવો અર્થ પ્રવચનસારોદ્ધારની ટીકામાં છે. પરઠવવાની વસ્તુ કોને ખાવા આપવી તે કહીએ છીએ. એક સાધુ આયંબિલવાળો હોય અને બીજો ચોથ ભક્તવાળો હોય, ત્યારે તે વસ્તુ ચોથ ભક્તવાળાને આપવી, ચોથ ભક્તવાળામાં બાલ અને વૃદ્ધ હોય ત્યારે બાલને આપવી, તે બાલ પણ સશક્ત હોય અને અશક્ત હોય ત્યારે અશક્તને આપવી, તે અશક્ત પણ ફરનારો હોય અને બેસી રહેનારો હોય ત્યારે ફરનારને આપવી, તે ફરનાર પણ પરોણો હોય અને ત્યાં રહેનારો હોય ત્યારે પરોણાને આપવી, પરોણાના અભાવે ત્યાં રહેનારને આપવી. એ પ્રમાણે ચાર પદવડે ૧૬ ભાંગા થાય. છેલ્લો ભાંગો તો વૃદ્ધ–સશક્ત–નહિ ફરનારો–ત્યાં રહેનારો તે છે, તેમાં પહેલા ભાંગાવાળાને આપવું. તેના અભાવે બીજા ભાંગાવાળાને આપવું. એ પ્રમાણે છેલ્લા ભાંગાવાળાને આપવું. એ પ્રમાણે આયંબિલવત્ છઠ્ઠવાળામાં પણ ૧૬ થાય, આયંબિલવત્ અઠ્ઠમ ભક્તવાળામાં પણ ૧૬ ભાંગા થાય, આયંબિલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદર્શનની તૃષા

(૧૫)

લેખક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

**દર્શનવાદીઓના પરસ્પર ખંડનનો નમૂનો**

દા. ત. જો કોઇ દર્શનવાદી સ્વદર્શનસંમત યુક્તિથી આત્મતત્વને અબંધ કહે છે, તો તેને બીજો વાદી મનમાં રીસ લાવીને પૂછે છે કે આત્મા ક્રિયા કરતો દીસે છે, તો તે ક્રિયાનું ફળ, કહો, કોણ ભોગવશે ? માટે આ તમે અબંધ કહો છો તે મિથ્યા છે. ત્યાં વળી કોઇ બીજો વાદી કહે છે—જડ–ચેતન આ એક જ આત્મા છે, સ્થાવર જંગમ–ચરાચર બન્ને સરખા છે. એટલે તેને અન્ય વાદી જવાબ આપે છે–આમ જો તમે માનશો તો સુખ-દુઃખની વ્યવસ્થા કેમ ઘટશે ? તત્ત્વની સેળભેળરૂપ સંકર દોષ આવશે. ચિત્તમાં વિચાર કરી પરીક્ષા કરશો તો આમ જરૂર ભાસશે. ત્યાં આત્મદર્શનમાં લીન એવો વાદી કહે છે કે આ આત્મા નિત્ય જ છે. તેને પ્રતિવાદી આમ યુક્તિથી નિરુત્તર કરે છે કે –એમ માનશો તો* કૃતનાશ ને અકૃતાગમ વગેરે દૂષણ આવશે, તે તો મતિહીન હોય તે જ દેખતો નથી. ત્યાં વળી સુગતનો અનુયાયી (બૌદ્ધ)વાદી વદે છે કે–આ આત્મા તો ક્ષણિક છે એમ જાણો. તેને બીજો વાદી જવાબ આપે છે કે–આત્મા જો ક્ષણિક માનશો તો સુખદુઃખ કેમ ઘટશે ? બંધ મોક્ષ વ્યવસ્થા કેમ ઘટશે ? એ વિચાર તમારા ચિત્તમાં લાવી જુઓ. ત્યાં વળી ભૌતવાદી (ચાર્વાક) બોલી ઊઠે છે કે–ભૂતચતુષ્ક અર્થાત્ પૃથ્વી, પાણી, વાયુ ને અગ્નિ એ ચાર ભૂત સિવાયની અળગી એવી કોઇ આત્મતત્ત્વની સત્તા ઘટતી નથી. તેને બીજો પ્રતિવાદી ઉત્તર આપે છે કે–આંધળો ગાડાંને ન દેખે, તો તેમાં ગાડાંનો શો વાંક ? પ્રગટ ચેતનસ્વરૂપ આત્મા છે એવી ચોકખી

* કોઇ અબંધ આતમ તત્ત માને, કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે ? ઇમ પૂછ્યું ચિત્ત રીસે.
મુનિસુવ્રત જિનરાજ !

જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરિખો;
દુઃખસુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો.
મુનિસુવ્રત૦

એક કહે નિત્ય જ આતમ તત્ત્વ, આતમ દરિસણ લીનો;
કૃતવિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો.
મુનિસુવ્રત૦

સૌગત મતિ રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધમોક્ષ સુખદુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો.
મુનિસુવ્રત૦

ભૂતચતુષ્ક વર્જિત આતમતત્ત, સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે ?
મુનિસુવ્રત૦

–શ્રી આનંદઘનજી

---

અને નિવિવાસામાં પણ ૨૬ ભાંગા થાય. વિશેષમાં એટલું કે આયંબિલવાળાને આપવું, મોટા પચ્ચખાણવાળાને આપવું, ચાર ઉપવાસવાળાને ન આપવું. આ આગાર સાધુને માટે જ છે, શ્રાવકને તો પાઠ અખંડ રાખવા માટે બોલાય છે. અહિં શિષ્ય પ્રશ્ન કરે છે કે—

केरिसयस्स साहुस्स पारिट्ठावणियं दायव्वं न दायव्वं वा, आयरियो भणइ आयंबिलमणायंबिले ।

**ભાવાર્થ**–પારિષ્ઠાપનિક આહાર વાપરનાર સાધુ બે પ્રકારે હોય છેઃ આયંબિલવાળા અને આયંબિલ વગરના, એકાશન–એકલઠાણું, ચોથ ભક્ત (ઉપવાસ-વાળો) છઠ્ઠ–અઠ્ઠમ–નિવિ સુધીના પચ્ચખાણવાળા હોય તેમને માંડલીમાં વધેલો આહાર આપવો, ચાર ઉપવાસવાળાને પારિઠાવણિયં દેવું ન કલ્પે. તેમનું શરીર દેવાધિષ્ઠિત હોય છે.

तेसिं पेज्जं उण्हयं वा दिज्जइ अविग्र तेसिं देवया विं होज्जा इत्यादि । (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીવા જેવી વાત તમે ન સમજો, તો તેમાં તે છતી વસ્તુનો શો દોષ? આંધળો ગાડાને દેખતો નથી તે કાંઈ ગાડાનો દોષ નથી, પણ તેના પોતાના દૃષ્ટિ-અંધપણાનો જ દોષ છે, તેમ તમે આ પ્રગટ ચૈતન્ય-સ્વરૂપ આત્મવસ્તુને દેખતા નથી, તે તમારા દૃષ્ટિ-અંધપણાનો જ દોષ છે, એમ એક આત્મવસ્તુસંબંધી અનેક વાદીઓ અનંત વાદવિવાદ કરે છે, યુક્તિ-બલથી-સ્વસ્વદર્શનસંમત ન્યાયબળથી પોતપોતાના મતનું સ્થાપન કરે છે. પણ આ તર્કવિચારરૂપ દર્શનચર્ચાથી કાંઇ તત્ત્વનો નીવેડો આવતો નથી, કાંઇ તત્ત્વવિનિશ્ચય થતો નથી.

**શુષ્ક તર્ક 'ગ્રહ' મુમુક્ષુએ ત્યાજ્ય જ**

અને આમ ઘણા ઘણા કાળે પણ હેતુવાદથી અતીંદ્રિય તત્ત્વનો નિશ્ચય હજુ પ્રાજ્ઞજનોથી પણ થઈ શક્યો નથી, તેથી કરીને આ શુષ્ક તર્કનો મહા-રૌદ્ર-ભયંકર ગ્રહ, ભવબંધનથી ખરેખર છૂટવા ઇચ્છનારા મુમુક્ષુજનોએ છોડી જ દેવો જોઇએ, એમ હે ભગવન્! તમારા પરમ ભક્ત **હરિભદ્રજી**એ કહ્યું છે તે અત્યંત સત્ય છે. કારણકે આ શુષ્ક તર્કવાદ ખરેખર! 'શુષ્ક' જ છે. એમાં કાંઇ રસ-આર્દ્રતા નથી: સુક્કી, હૃદયસ્પર્શ વિનાની યુક્તિઓની વાગ્જાલ-મય લડાઇ જ એમાં છે. વેળુને ગમે તેટલું પીલતાં પણ જેમ તેમાંથી તેલરૂપ સાર નીકળે નહિં, તેમ ગમે તેટલું પીલતાં પણ-પિષ્ટપેષણ કરતાં પણ શુષ્ક તર્કવાદમાંથી તત્ત્વરૂપ સાર નીકળે નહિં. અને મુમુક્ષુ તો તત્ત્વનો જ ખપી છે, તે આવા નિઃસાર નીરસ શુષ્ક તર્કને× કેમ ગ્રહે?

વળી આ શુષ્ક તર્ક ગ્રહ ખરેખર! 'ગ્રહ' જેવા જ છે. ગ્રહ એટલે ભૂતપિશાચ, અથવા અનિષ્ટ ગ્રહ, અથવા મગરમચ્છ. (૧) ભૂતપિશાચરૂપ ગ્રહથી જે ગ્રસ્ત હોય, જેને ઝોડ વળગ્યું હોય, તેના ભૂંડા હાલહવાલ થાય છે ને તેને તે ગ્રહમાંથી છૂટવું મુશ્કેલ થઇ પડે છે; તેમ આ શુષ્ક તર્કવાદરૂપ ગ્રહથી-ભૂતથી જે આવિષ્ટ થયો હોય, એ ભૂત જેને ભરાયું હોય, તેની ભારે ભૂંડી દશા થાય છે, ને તેના ગ્રહમાંથી-પકડમાંથી છૂટવું ભારી થઈ પડે છે. (૨) અથવા અનિષ્ટ પાપ ગ્રહ જેને નડતો હોય, તેને ભારી વસમી પીડા સહવી પડે છે; તેમ આ તર્કવાદરૂપ અનિષ્ટ ગ્રહથી જે પીડાતો હોય, તેને પોતાને હાથે વ્હોરેલી ભારી કનડ-ગત ભોગવવી પડે છે, અને તેની અસરમાંથી તે સ્હેલાઇથી છૂટી શકતો નથી. (૩) અથવા જે મગરથી ગ્રસાયો હોય, તેને તેના જડબામાંથી છટકવું ભારી કઠિન થઇ પડે છે. તેમ શુષ્ક તર્કરૂપ મગરના ગ્રહથી જે ગ્રહાયો હોય, તેને તેની ચુંગાલમાંથી છૂટવું અતિ દુષ્કર થઈ પડે છે. આમ ત્રણે અર્થમાં પોતે ગ્રહેલા શુષ્કતર્કરૂપ ગ્રહથી શુષ્કતર્કગ્રાહી પોતાની મેળે જ દુઃખી થાય છે. આવા અનિષ્ટ દુષ્ટ શુષ્ક તર્ક ગ્રહને આત્માર્થગ્રાહી મુમુક્ષુ કેમ ગ્રહે?

તેમજ આ શુષ્ક તર્ક ગ્રહ મહાન્ છે, અતિ રૌદ્ર છે, મહાભયંકર છે. એનું પરિણામ પોતાને માટે ને પરને માટે મહારૌદ્ર છે-દારુણ છે. કારણકે આર્ત-રૌદ્ર ધ્યાનથી વાદી-પ્રતિવાદી બન્નેને હાનિ થાય છે. હે ભગવન્! આપના મહાન્ સ્તુતિકર્તા મહાતાર્કિક-શિરોમણિ **શ્રી સિદ્ધસેન દિવાકરજી**એ* પોતાની લાક્ષણિક શૈલીમાં તાદૃશ્ય સ્વભાવોક્તિથી વર્ણવ્યું છે તેમ-જો કોઈ પ્રકારે પોતાનો વિજય થાય છે તો તે એટલો બધો પરિતોષ પામે છે કે મર્યાદાનો ભંગ કરી એ પોતાની બડાઈ હાંકી ત્રણે લોકોને ખલ

× "न चैतदेवं यत्तस्माच्छुष्कतर्कग्रहो महान्।
मिथ्याभिमानहेतुत्वात्त्याज्य एव मुमुक्षुभिः ॥
—યોગદૃષ્ટિસમુચ્ચય ૧૪૭

* "यदि विजयते कथंचित्ततोऽपि परितोषभग्नमर्यादः ।
स्वगुणविकत्थनदूषितस्त्रीनपि लोकान् खलीकुरुते ॥
उत जीयते कथंचित्परिवादिनं स कोपान्धः ।
गलगर्जनाक्रामन् वैलक्ष्यविनोदनं कुरुते ॥
वादकथां न क्षमते दीर्घं निःश्वसिति मानभङ्गोष्णम् ।
रम्येऽप्यरतिज्वरितः सुहृत्स्वपि वक्रीकरणवाक्यः ॥
दुःखमहंकारप्रभवमित्ययं सर्वतंत्रसिद्धांतः ।
अथ च तमेवारूढस्तत्त्वपरीक्षां किल करोति ॥"
દ્વાત્રિંશતદ્વા૦ ૮-૧૫-૧૮

For Private And Personal Use Only

જણાવે છે। અને પોતે જો કોઈ પ્રકારે બીજાથી જીતાઈ જાય તો તે કોપાયમાન થઈ જઈ, અતિવાદી પ્રત્યે ગાંઠ વાળી–મત્સર ધારી, આક્રમણ કરતો સતો પોતાનું વિલખાપણું દૂર કરે છે. તે વાદકથા ખમી શકતો નથી, અને માનભંગથી ઉષ્ણ એવા લાંબા નિસાસા નાખે છે। રમ્ય વસ્તુમાં પણ તેને અરતિ–જ્વર લાગુ પડે છે–રમ્ય વસ્તુ પણ તેને ગમતી નથી, અને સુહૃદો પ્રત્યે પણ તેના વચન વજ્ર જેવા કઠોર નીકળે છે। અને દુઃખ અહંકારમાંથી ઉપજે છે, એવો આ સર્વ તંત્રનો સિદ્ધાંત છે, તેના પર જાણે આરૂઢ થઈને તે ખરેખર! તત્ત્વપરીક્ષા કરે છે! અર્થાત્ અહંકારજન્ય દુઃખનો સાક્ષાત્ અનુભવ કરે છે!' વળી શુષ્ક તર્કવાદ મિથ્યાભિમાનનો હેતુ થાય છે. શુષ્ક તર્કવાદી પોતાને બડો હોશિયાર માને છે! તેને પોતાની બુદ્ધિનું–તર્કશક્તિનું ઘણું અભિમાન હોય છે. મેં કેવા ફક્કડ યુક્તિ લડાવી ફલાણાને ભડક મારી તોડી પાડ્યો–હરાવ્યો, એવો ફાંકો રાખી તે અક્કડ રહે છે!

એમ એક બાજુ ને વાદીવૃષભ બીજી બાજુ!

આમ મહારૌદ્ર પરિણામવાળો શુષ્કતર્કગ્રહ મિથ્યાભિમાનનો હેતુ હોવાથી, આત્મહિતૈષી મુમુક્ષુઓને સર્વથા ત્યાજ્ય જ છે. કારણ કે સાચા મુમુક્ષુઓનો મુખ્ય ને એક જ હેતુ ગમે તેમ કરીને ભવ-બંધનથી છૂટવાનો છે. તેઓને કેવળ એક આત્માર્થનું જ કામ છે, માન–પૂજા–લબ્ધિ–સત્કાર આદિ બીજો મન–રોગ તેઓને હોતો નથી. અને શુષ્કતર્કથી તો કોઈ પણ પ્રકારનો આત્માર્થ સિદ્ધ થતો નથી, ઉલટો માનાર્થને લીધે અત્યંત હાનિ પામે છે. ક્યાં સાચા મુમુક્ષુ જોગીજનનું એકાંત આત્માર્થીપણું? અને ક્યાં શુષ્કતર્કવાદીનું મતાર્થીપણું–માનાર્થીપણું? ×એમ તો એક બાજુએ રહ્યા છે, ને 'વાદિવૃષભો'–વાદિઓ રૂપ આખલા વાદીરૂપ બળદીઆ બીજી બાજુએ વિચરી રહ્યા છે! મુનિએ વાદવિવાદને ક્યાંય પણ મોક્ષઉપાય કહ્યો નથી.' આમ વાદને અને મોક્ષને જાણે ગાઉનું અંતર છે, માટે માત્ર મોક્ષનો અર્થી એવો મુમુક્ષુ જોગીજન વાદવિવાદમાં કેમ પડે? શુષ્કતર્કગ્રહને કેમ ગ્રહે? ઇત્યાદિ પ્રકારે હે ભગવન્! સર્વ પ્રકારે વિચારતાં સુપ્રતીત થાય છે કે હેતુવિવાદથી તમારા દર્શનનો પત્તો ખાય એમ નથી. (ચાલુ)

× "अन्यत एव श्रेयांस्यन्यत एव विचरन्ति वादिवृषाः ।
वाक्संरंभः क्वचिदपि न जगाद मुनिः शिवोपायः ॥"
—શ્રી સિદ્ધસેનદિવાકરજીકૃત દ્વા.દ્વા.૮-૭

## પુસ્તકોની પહોંચ

૧. ધાતુરત્નાકરઃ (ચોથો ભાગ)–પ્રણેતા–આચાર્ય મહારાજશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ. સંપાદક–પંન્યાસપ્રવર શ્રી દક્ષવિજયજી ગણિવર્ય. પ્રકાશક–શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર–બોટાદ ક્રાઉન આઠ પેજી સાઇઝ પૃષ્ઠ ૯૪. મનોહર છાપકામ, આવૃત્તિ બીજી, મૂલ્ય રૂા. બે.

શ્રી વિજયનેમિસૂરીશ્વર ગ્રંથમાળાના ચોથા રત્ન તરીકે પ્રસિદ્ધ થયેલા આ ચોથા વિભાગમાં સ્વન્ત ધાતુઓના તમામ રૂપોનો સમાવેશ કરવામાં આવેલ છે. વ્યાકરણવિશારદ પૂજ્ય આચાર્યમહારાજશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજે બાલજીવોના અભ્યાસાર્થે તેમજ સાહિત્યમાં પ્રવેશ કરવા ઇચ્છતા જિજ્ઞાસુઓ માટે "ધાતુરત્નાકર"ના આઠ ભાગો પ્રકાશિત કર્યા છે, જેમાં પહેલા તથા ચોથા ભાગોની નકલો મળતી ન હોવાથી તેની આ બીજી આવૃત્તિ ટૂંક સમયમાં જ કરવી પડી છે, જે તેની ઉપયોગિતા તેમજ લોકપ્રિયતા સાબિત કરવા માટે પર્યાપ્ત છે. અમો આવા પ્રયાસોને આવકારીએ છીએ.

૨. જૈન શિક્ષણ પાઠમાળા તથા શ્રી જિનાદિ સ્તુતિસંગ્રહઃ—સંપાદક શાંતમૂર્તિ મુનિમહારાજશ્રી રૂપચંદજીસ્વામી તથા મુનિરાજશ્રી નવલચંદજી, ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૬૦, મૂલ્ય બાર આના.

[illegible]શ્રી મુક્તિકમલ-ગ્રંથમાળાના ૩૫ તથા ૫૦ મા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થયેલા આ પુસ્તકમાં તેના સંપાદક વિદ્વાન મુનિ[illegible]એ, ભાવિકજનોના હિતાર્થે અત્રાગત વિવિધ પાઠોમાં ઉમેરા [illegible] [illegible] છે, [illegible] સ્તુતિસંગ્રહમાં પણ કાવ્યસાહિત્યની વિશિષ્ટ કૃતિઓ આપી છે, જે [illegible] [illegible] છે. તે વિભાગમાં સ્તુતિઓ ઉપરાંત [illegible] [illegible] [illegible] સ્થાનકવાસી લીંબડી સંપ્રદાયના મુનિવરો [illegible] પ્રકાશનો વારંવાર કરતા રહે છે, જે અવશ્ય પ્રશંસનીય અને અનુમોદનીય છે.

## સભાના લાઇફ મેમ્બરોને સૂચના

ભેટ-પુસ્તકો મંગાવી લેવા માટે સભાના લાઇફ મેમ્બરોને સૂચના-પત્ર મોકલવામાં આવેલ તે મુજબ કેટલાક લાઇફ મેમ્બરોએ ભેટ-પુસ્તકનું પોસ્ટેજ મોકલી આપી મંગાવી લીધેલ છે, જ્યારે કેટલાક લાઇફ મેમ્બરોના ભેટ-પુસ્તકો હજુ બાકી છે. કેટલાક લાઇફ મેમ્બરોના ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૩-૧૪ ના ભેટ-પુસ્તક પણ બાકી રહ્યા છે એટલે જે જે લાઇફ મેમ્બરોના જે જે ભેટ-પુસ્તકો મોકલવાના બાકી રહ્યા છે, તે સર્વ ભેટ-પુસ્તકો પોસ્ટેજ પૂરતા વી. પી. થી રવાના કરવામાં આવેલ છે, તો વી. પી. આવ્યેથી સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે.

## ખેદકારક સ્વર્ગવાસ

### શ્રી પ્રભુદાસ હરગોવિંદ

ભાવનગરનિવાસી ભાઇશ્રી પ્રભુદાસ હરગોવિંદ વર્ષોથી મુંબઇ વસતા હતા. તેઓશ્રી ગત માહ વદ ૭ ને શુક્રવારના રોજ મુંબઇખાતે સ્વર્ગવાસી થયા છે. તેઓ સ્વભાવે મિલનસાર અને પરગજુ સ્વભાવના હતા. આપણી સભાના વર્ષોથી આજીવન સભાસદ હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી, આપ્તજનો પર આવી પડેલ આપત્તિ પરત્વે હમદર્દી દર્શાવીએ છીએ.


## પ્રભાવિક પુરૂષો :: ભાગ ત્રીજો — લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકશી

શ્રીયુત્ ચોકસીની સર્વને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને કંબુએલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્ભુત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

## નવપદારાધન માટે અતિ ઉપયોગી — સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત સુંદર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠઆના લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર.